આજની પ્રાર્થના....
શ્રદ્ધાના દિવડાને જલતો
તું રાખજે, નિશદિન સ્નેહ
કેરું તેલ એમાં નાખજે,
મનને મંદિર જોજે
અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૪ | ૪ જુન, ૨૦૨૧, શુક્રવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેરળમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી

**બે દિવસ મોડા પણ ચોમાસાનું દેશમાં આગમન થયું : જૂનના અંત સુધીમાં દિલ્હી પહોંચી જશે : આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી**



નવી દિલ્હી, તા. ૩
દક્ષિણ-પશ્ચિમ ચોમાસું બે દિવસ મોડું પણ આખરે આજે કેરળના દક્ષિણ દરિયા કિનારે પહોંચી રહ્યું છે. હવામાન વિભાગે કહ્યું કે ચોમાસું ૨૦૨૧ આજે કેરળમાં પહોંચે તેવી તમામ સ્થિતિ નિર્માણ થઈ ગઈ છે. કેરળમાં ચોમાસાના પહોંચવા સાથે દેશમાં વર્ષાઋતુના ચાર મહિનાની શરુઆત થઈ ગઈ છે. ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મોહપાત્રાએ કહ્યું કે દક્ષિણ પશ્ચિમના ચોમાસાએ કેરળના દક્ષિણ ભાગમાં એન્ટ્રી કરી લીધી છે. સામાન્ય રીતે દક્ષિણ પશ્ચિમનું આ ચોમાસું ૧ જૂનના રોજ કેરળ પહોંચે છે જ્યારે આ વખતે બે દિવસ મોડું પડ્યું છે. જૂનના અંત સુધીમાં ચોમાસું છેટ ઉપર દિલ્હી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પહેલા ચોમાસાએ અંદમાનમાં ૨૧ મેના રોજ એન્ટ્રી લીધી હતી. ૨૭ મેના રોજ અડધા શ્રીલંકા અને માલદીવને પાર કર્યા પછી મજબૂત હવાઓની અછતના કારણે ૭ દિવસ સુધી ચોમસાની ઉત્તરી સીમા કોમોરિન સમુદ્રમાં જ રોકાઈ ગઈ હતી. જોકે હવે પરિસ્થિતિઓ અનુકુળ છે.

ચોમાસું પહોચ્યું કે નહીં તેની ગણતરી કઈ રીતે થાય છે?- કેરળ,

● અનુસંધાન પાન-૭ પર

## સ્વદેશી વેક્સિન માટે કેન્દ્રએ ૩૦ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો

**હૈદરાબાદ સ્થિત વેક્સિન નિર્માતા બાયોલોજીકલ-ઇને કેન્દ્ર સરકાર દ્વારા ૧૫૦૦ કરોડ એડવાન્સ પેમેન્ટ કરાશે**

નવી દિલ્હી, તા. ૩
કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોના વેક્સિનના ૩૦ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો છે. આ માટે હૈદરાબાદ સ્થિત વેક્સિન નિર્માતા બાયોલોજીકલ-ઈને ૧૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ પેમેન્ટ કરાશે. ઓગસ્ટથી ડિસેમ્બર સુધી વેક્સિનનું નિર્માણ અને સ્ટોર કરવામાં આવશે. ફેઝ ૧ અને ૨ના ક્લિનિકલ ટ્રાયલમાં પોઝિટિવ પરિણામ મળ્યા બાદ બાયોલોજીકલ-ઈની કોવિડ વેક્સિનનું ફેઝ-૩નું ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહ્યું છે.

બાયોલોજીકલ-ઈ દ્વારા વિકસિત કરાઈ રહેલી વેક્સિન એક આરબીડી પ્રોટીન સબ-યુનિટ વેક્સિન છે. બાયોલોજીકલ-ઈ કોવિડ-૧૯ વેક્સિનને પ્રીક્લિનિકલ સ્ટેજથી લઈને ફેઝ-૩ સ્ટડીઝ સુધી ભારત સરકારે મદદ કરી, જેના માટે બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ૧૦૦ કરોડથી વધુની આર્થિક સહાય આપવામાં આવી છે.

ભારતની દવા નિયામક સંસ્થા એટલે કે ડીજીસીઆઈએ હવે ફાઈઝર અને મોડર્ના જેવી વિદેશી વેક્સિનને વહેલી તકે ભારત લાવવા માટે તેમની અલગથી ટ્રાયલ કરવાની શરતને દૂર કરી છે. જે વેક્સિનને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અથવા અમેરિકી એફડીએ દ્વારા ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મળી હશે, તેને ભારતમાં ટ્રાયલમાંથી પસાર થવું નહીં પડે.

આ અંગે ડીજીસીઆઈના ચીફ વીજી




સોમાનીએ નોટિસ જાહેર કરી છે. નોટિસ પ્રમાણે, ભારતમાં વધતી રસીની માંગને જોતાં એનઈજીવીએસીના સૂચનોના આધારે હવે તે વેક્સિનને ભારતમાં ટ્રાયલમાંથી પસાર થવું નહીં પડે, જેને અગાઉથી જ યુએસ એફડીએ, ઈએમએ, યુકે એમએચઆરએ, પીએમડીએ જાપાન અથવા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ઈમરજન્સી ઉપયોગની મંજૂરી મળી ચૂકી છે.

## પુલવામામાં આતંકવાદી દ્વારા કાઉન્સિલરની હત્યા

**ત્રણ આતંકવાદીઓના સમૂહે હુમલો કર્યો : નેતા રાકેશ પંડિત સુરક્ષાકર્મીઓ વગર મિત્રના ઘરે ગયા હતા જ્યાં આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીઓ વરસાવી**

શ્રીનગર,તા.૩
જમ્મુ-કાશ્મીરમાં પુલવામા જિલ્લાના ત્રાલ વિસ્તારમાં બુધવાર રાત્રે આતંકવાદીઓએ બીજેપીના મ્યુનિસિપલ કાઉન્સિલરની ગોળી મારીને હત્યા કરી દીધી. હુમલો એ સમયે થયો જ્યારે કાઉન્સિલર પોતાના એક મિત્રના ઘરે હતા. પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે ત્રણ આતંકવાદીઓના સમૂહે રાત્રે લગભગ ૧૦:૧૫ વાગ્યે રાકેશ પંડિતા પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું. તેમણે જણાવ્યું કે રાકેશને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું મોત થઈ ગયું. આતંકવાદીઓના અંધાધૂંધ ફાયરિંગમાં રાકેશના મિત્રની

● અનુસંધાન પાન-૭ પર



## સીરમે રશિયન રસી સ્પૂતનિક-વીના ઉત્પાદન માટે મંજૂરી માગી

**પુણે સ્થિત સીરમ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયાએ તપાસ વિશ્લેષણ-પરીક્ષણ માટે પણ DCGI પાસે મંજૂરી માગી**

નવી દિલ્હી, તા. ૩
કોરોના રસી કોવિશીલ્ડનું નિર્માણ કરી રહેલી કંપની સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા આવનારા સમયમાં રુસની કોરોના વેક્સિન સ્પુતનિક-વીનું ઉત્પાદન કરી શકે છે. સ્પુતનિક-વીના ઉત્પાદનની મંજૂરી માંગવા માટે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ડીસીજીઆઈ પાસે મંજૂરી માંગી છે. સૂત્રોએ આ અંગે જાણકારી આપી છે. સૂત્રોનું કહેવું છે કે, પુણે સ્થિત કંપનીએ તપાસ વિશ્લેષણ અને પરીક્ષણ માટે પણ મંજૂરી માંગી છે. હાલ ડૉ. રેડ્ડીઝ લેબોરેટ્રીઝ ભારતમાં રુસની સ્પુતનિક વી રસીનું ઉત્પાદન કરે છે. જે તેની મંજૂરી મળી જશે તો દેશમાં વેક્સિનના પ્રોડક્શનને ગતિ મળશે. હાલ સ્પુતનિક-વીના ૩૦ લાખ ડોઝની ખેપ મંગળવારે હૈદરાબાદ પહોંચી હતી.

સૂત્રો અનુસાર, સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાએ ડીસીજીઆઈને બુધવારે એક અરજી આપી, જેમાં કોવિડ-૧૯ રસી સ્પુતનિક વીના ભારતમાં નિર્માણની મંજૂરી માંગવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હાલ દેશમાં કોવિશીલ્ડ, કોવેક્સિન અને સ્પૂતનિક-વી દ્વારા રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા અગાઉ જ સરકારને જણાવી ચૂક્યું છે કે, તે જૂનમાં ૧૦ કરોડ કોવિશીલ્ડ વેક્સિનના ડોઝનું ઉત્પાદન અને સપ્લાય કરશે. તે નોવાવેક્સ રસી પણ બનાવી રહ્યું છે. નોવાવેક્સ માટે અમેરિકા પાસેથી નિયામક સંબંધી મંજૂરી હજુ મળી નથી.

## પટણા એમ્સમાં ૩ બાળકોને કોવેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો : ત્રણેય બાળકો સ્વસ્થ

**૧૦૮ બાળકોએ સ્વેચ્છાએ રજિસ્ટ્રેશન કરાવ્યું : એક મહિનામાં કુલ ૫૨૫ બાળકો ઉપર ટ્રાયલ હાથ ધરાશે**

પટણા,તા.૩
ભારતમાં બાળકો પર કોરોના રસીની ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. પટણાની એમ્સ હોસ્પિટલમાં ભારત બાયોટેકની કોવેક્સીનની બાળકો




પર ટ્રાયલ શરૂ થઈ છે. અત્યાર સુધીમાં ૩ બાળકોને રસીનો ડોઝ અપાયો છે. અત્રે જણાવવાનું કે કોરોનાની ત્રીજી લહેરમાં બાળકો પર જોખમની આશંકા વ્યક્ત કરાઈ છે ત્યારે આ સમાચાર મોટી રાહત કહી શકાય. પટણા એમ્સના કોવિડ પ્રભારી ડોક્ટર સંજીવકુમારે કહ્યું કે ૧૨થી લઈને ૧૮ વર્ષની ઉંમરના બાળકો પર આ પરીક્ષણ મંગળવારથી શરૂ કરાયું. પહેલા દિવસે ૩ બાળકોને રસીનો ડોઝ આપવામાં આવ્યો. ઈન્જેક્શન આપ્યા બાદ આ ત્રણેય બાળકો હાલ સ્વસ્થ છે. સંજીવના જણાવ્યાં મુજબ આગામી એક મહિનામાં કુલ ૫૨૫ બાળકો પર આ પ્રકારે ટ્રાયલ હાથ ધરાશે. જે ત્રણ બાળકોને રસીનો ડોઝ અપાયો ૧૨ થી ૧૮ વર્ષની વયના છે અને પટણાના છે. ત્રણેય હાલ સ્વસ્થ છે. હોસ્પિટલે ત્રણેય બાળકોના માતા પિતાને એક ડાયરી આપી છે અને તેમના સ્વાસ્થ્યની નિગરાણી કરવાનું કહ્યું છે. જો આ દરમિયાન બાળકને કોઈ પણ સમસ્યા થાય તો તેમને તરત પટણા એમ્સનો સંપર્ક કરવાનું કહેવાયું છે. એમ્સમાં કોવેક્સીનની રસી માટે ૨૮મી મેથી રજિસ્ટ્રેશન શરૂ થયું છે. ૧૦૮ બાળકોએ અત્યાર સુધીમાં સ્વેચ્છાએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. તેમના સ્ક્રિનિંગ બાદ પસંદ કરાયેલા ૩ બાળકોને કોરોનાની રસીનો પહેલો ડોઝ અપાયો. બીજા તબક્કામાં બાળકો પર રસીની કોઈ નકારાત્મક અસર નહીં જોવા મળે તો ત્રીજા તબક્કા અંતર્ગત રસીનો ડોઝ આપવામાં આવશે અને તે પ્રભાવી જોવા મળશે તો રસીના ઉપયોગ માટે મંજૂરી માંગવામાં આવશે. આ બાળકોને ૨૮ દિવસના સમયગાળા બાદ કોવેક્સીનનો બીજો ડોઝ અપાશે. એકવાર રસીકરણ પૂરું થયા બાદ રસીની કોઈ પણ આડઅસર માટે બાળકોની સંપૂર્ણ રીતે તપાસ કરાશે. પટણા એમ્સે બાળકોને તેમની ઉંમરના આધારે ટ્રાયલ માટે ત્રણ સમૂહમાં વહેંચ્યા છે. આ ત્રણ આયુવર્ગ છે ૨-૫ વર્ષ, ૬-૧૨ વર્ષ, ૧૨-૧૮ વર્ષ.

## બાળકો પોસ્ટ કોવિડ સમસ્યાનો શિકાર બની રહ્યા છે : અહેવાલ

**કોરોનામાંથી સાજા થનારા બાળકોમાં ચિંતા વધી : પોસ્ટ કોવિડમાં બાળકોને હાર્ટ, લિવર, કિડની, ફેફસા, બ્રેન, ફીવર, પેટમાં દુખાવા સાથે જોડાયેલી સમસ્યા થઈ રહી છે**

નવી દિલ્લી,તા.૩
પોસ્ટ કોવિડમાં બાળકોને હાર્ટ, લિવર, કિડની, ફેફસા, બ્રેન, ફીવર, પેટમાં દુખાવા સાથે જોડાયેલી સમસ્યા થઈ રહી છે. ત્યારે વયસ્કોની સરખામણીએ તેમને એડવાન્સ પ્રકારની સારવારની જરુર છે. કોરોનાથી રિકવર થયાના ૩થી ૪ અઠવાડિયા બાદ બાળકોમાં આ પ્રકારની હેરાનગતિ જોવા મળી રહી છે. સર ગંગારમ હોસ્પિટલના પીડિયાટ્રિશિયન ડો. ધીરેન ગુપ્તા જણાવે છે કે પોસ્ટ કોવિડમાં ઘણા બાળકોને હાર્ટ, લિવર, કિડની અને શરીરના અન્ય ભાગો સાથે જોડાયેલી સમસ્યા થઈ રહી છે. બાળકોને તાવ આવે છે. તાવના કારણે હાર્ટ, લિવર, કિડની, ફેફસા, બ્રેન સહિત અનેક અંગ પર અસર થાય છે. આને મલ્ટી સિસ્ટમ ઈંફ્લામેટ્રી સિંડ્રોમ (એમઆઈએસ-સી) કહેવામાં આવે છે. આ મોટાભાગે ૫થી ૧૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે. ડો. ગુપ્તાનું કહેવુ છે કે આમ તો તે હજારમાંથી એક બાળકોમાં હોય છે પરંતુ જેમને થાય છે તેમને આઈસીયુની જરુર પડે છે. ગત ૧૦ દિવસોમાં હોસ્પિટલમાં ૨૫થી ૩૦ બાળકો દાખલ થયા તેમણે કહ્યું કે ૫૦ ટકા બાળકો એવા હોય છે. જેમને હાર્ટ અને બ્લડ પ્રેશર સંબંધિત સમસ્યા થાય છે. આ બાદ કોઈ બાળકના ફેંફસાને કોઈનાં બ્રેન પર અસર પહોંચે છે. સારી વાત એ છે કે જો સમય પર આની ઓળખ કરવામાં આવે તો બાળક સાજા થઈ જાય છે. આનાથી થનારો મૃત્યુદર ઘણો ઓછો છે. ગત ૧૦ દિવસોમાં હોસ્પિટલમાં ૨૫થી ૩૦ બાળકો દાખલ થયા છે. જેમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર છે.

## ભાગેડૂ મેહુલ ચોક્સીની જામીન અરજી ડોમિનિકા કોર્ટે ફગાવી

**કેરેબિયન દ્વિપ દેશમાં કથિત રીતે ગેરકાયદે પ્રવેશ કરવા બદલ ચોક્સીની ૨૩ મેએ ધરપકડ કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. ૩
ડોમિનિકાની કોર્ટે ભાગેડુ હીરાના વેપારી મેહુલ ચોક્સીની જામીન અરજી ફગાવી દીધી છે. ચોક્સી ભારતમાં ૧૪,૦૦૦ કરોડના લોન કૌભાંડમાં વોન્ટેડ છે. કેરેબિયન દ્વિપ દેશમાં કથિત



રીતે ગેરકાયદે પ્રવેશ કરવા બદલ મેહુલ ચોક્સીની ૨૩મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. મેજિસ્ટ્રેટ કોર્ટમાં બ્લુ રંગના શર્ટ અને બ્લેક જીન્સ પહેરીને વ્હીલ ચેર પર રજૂ થયેલા ચોક્સીએ પોતે દોષી નહીં હોવાનું જણાવ્યું હતું, તેણે કહ્યું હતું કે તેને કથિત રીતે અપહરણ કરીને બળપૂર્વક ડોમિનિકા લઈ જવાયો હતો.

ડોમિનિકાની હાઈ કોર્ટના આદેશ બાદ બુધવારે વેપારી મહુલ ચોક્સીને દેશમાં ગેરકાયદે ઘુસવાના આરોપ બદલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. હાઈ કોર્ટના જસ્ટિસ બર્ની સ્ટીફેસને ચોક્સીની અરજી પર ત્રણ કલાક સુનાવણી કરી હતી અને તેને મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવા આદેશ આપ્યો હતો. ચોક્સીએ દાવો કર્યો હતો કે તેને એન્ટીગુઆ એન્ડ બારબુડાથી અપહરણ કરીને બળજબરી કેરેબિયન ટાપુ દેશમાં લઈ જવાયો હતો.

ગેરકાયદે પ્રવેશના કેસમાં ચોક્સીની જામીન અરજી કોર્ટે ફગાવતા હવે વધુ સુનાવમી ૧૪ જૂનના યોજાશે.

## નેફ્ટાલી બેનેટ ઈઝરાયલના નવા વડાપ્રધાન

**લાંબા સમયથી વડાપ્રધાન રહેલા નેતન્યાહૂની વિદાય : માર્ચની ચૂંટણીમાં નેતન્યાહૂની પાર્ટીને બહુમતી નહોતી મળી**

તેલ અવીવ, તા. ૩
ઈઝરાયલમાં લાંબા સમયથી સત્તા પર રહેલા વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની વિદાય થઈ ગઈ છે. તેમના વિરોધ પક્ષોના ગઠબંધને આખરે નવી સરકાર બનાવવાને લઈને સંમતિ આપી દીધી છે. તે પછી હવે નેફટાલી બેનેટનું ઈઝરાયલના આગામી વડાપ્રધાન બનાવવાનું નક્કી મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે માર્ચમાં થયેલી ચૂંટણીમાં નેતન્યાહૂની લિકુડ પાર્ટીને બહુમતી નહોંતી મળી. ચૂંટણીમાં બીજી સૌથી મોટી પાર્ટી હોવા છતાં ઈઝરાયલના પ્રેસિડન્ટ રુવેન રિવલિને નેતન્યાહૂને સરકાર બનાવવાનો અને ૨ જૂન સુધી બહુમતી સાબિત કરવાનો આદેશ આપ્યો હતો. નેતન્યાહૂના તમામ પ્રયાસો અને જોડતોડ છતાં લિકુટ પાર્ટી પોતાના સહયોગીઓને સાધવામાં નિષ્ફળ રહી હતી. તો, તેમના વિરોધી નેતા યેર લેપિડે જાહેરાત કરી છે કે, ઈઝરાયલના વિરોધ પક્ષો વચ્ચે નવી સરકાર બનાવવાને લઈને સંમતિ ઊભી થઈ ગઈ છે. આ નવા ગઠબંધનમાં ઈઝરાયલની ૮ પાર્ટીઓ સામેલ છે. લેપિડે જણાવ્યું કે, સંમતિ મુજબ, પહેલા યામિના પાર્ટીના ચીફ નેફટાલી બેનેટ ઈઝરાયલના વડાપ્રધાન બનશે. બે વર્ષ પછી તેમની જગ્યાએ યેશ એટિડ પાર્ટીના નેતા યેર લેપિડ પોતે આ જવાબદારી સંભાળશે. મોટી વાત એ છે કે, નેતન્યાહૂની સરકારની સામે બનેલા આ ગઠબંધનમાં ઈઝરાયલમાં આરબ સમુદાયનુ પ્રતિનિધિત્વ કરતી રામ પાર્ટી પણ સામેલ છે.

## દેશમાં કોરોનાના ૧૩૪૧૫૪ નવા કેસ

**૨૮૮૭ દર્દીનાં મોત થયા : દર્દીઓની સાજા થવાની સંખ્યામાં વધારો થતાં એક્ટિવ કેસો ૧૮ લાખની અંદર આવી ગયા છે, રિકવરી રેટ ૯૨.૮%**

નવી દિલ્હી,તા.૩
દેશમાં એક તરફ કોરોના સામે લડવા રસીકરણ અભિયાન ફરીથી વેગ પકડી રહ્યું છે તો બીજી તરફ સંક્રમણના કેસો અને મૃત્યુ પામતા દર્દીઓના આંકડાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. દર્દીઓની સાજા થવાની સંખ્યામાં વધારો થતાં એક્ટિવ કેસો ૧૮ લાખની અંદર આવી ગયા છે. દેશમાં રિકવરી રેટ હાલમાં ૯૨.૮ ટકા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧,૩૪,૧૫૪ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨,૮૮૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૮૪,૪૧,૯૮૬ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૨૨,૧૦,૪૩,૬૯૩ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨ કરોડ ૬૩ લાખ ૯૦ હજાર ૫૮૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૨,૧૧,૪૯૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧૭,૧૩,૪૧૩ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૩,૩૭,૯૮૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

